## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

નથી ઉતાવળ મને-
ભલે હો છેલ્લી..મુજ પતરાળી..!

● સુંદરમ

### પાથેય

- રમેશ ઠક્કર

## નિતર્યા નીર જેવા શબ્દો...

આપણા સહુની હાલત અહીં પંગતમાં બેઠેલા માણસ જેવી છે..પ્રતિક્ષા એ જ જયાં એકમાત્ર આધાર હોય એવી પંગત વિશે બૂફેની મિજબાની માણતી આજની પેઢીને કદાચ કોઇ ખબર ના હોય એ સ્વાભાવિક છે..મોટા જમણવાર થતા ત્યારે એમાં હાકલ પડે એટલે ફટાફટ લાઇનમાં બેસી જવા દોડાદોડ થતી..પંગતમાં પહેલા બેસવું એ પરાક્રમ ગણાતું..એમાં ભોજન માટેનો જે પતરાળી મળતી પતરાળી વહેલો તે પહેલોના ધોરણે મળતી.! આમાં કેટલાક સંતોષી જીવ પણ રહેતા જે સૌથી છેલ્લી પંગત સુધી રાહ જોતા...છેલ્લી પતરાળી સુધી ધીરજ રાખવી એ જેવીતેવી વાત નથી..!

સંતોષી નર સદા સુખી...અને ધીરજનાં ફળ મીઠાં એવો આપણા સહુનો અનુભવ છે..ઉતાવળ એક પ્રકારની ભૂતાવળ છે..રઘવાટ એ આખરે તો ઉચાટ બની જતો હોય છે અધીરાઇ એ સૌથી ખરાબ પ્રકારની ઉતાવળ છે !

આજનો માણસ એટલે દોડધામનો માણસ..એને બધું જલ્દી જલ્દી કરી નાખવું છે...એણે ઉતાવળે આંબા પકવવાનું બીડું ઝડપ્યું છે..એને કેરીની મીઠાશનો અનુભવ નથી..એને આકર્ષક દેખાતા બાહ્ય રંગરૂપમાં રસ છે..ઉતાવળ ખોખલાપણાનો પર્યાય બની જાય છે..હમણાં એક નવકવિ મળ્યા એમણે એક હજાર જેટલાં કાવ્યો ગણતરીના દિવસોમાં જ લખી નાખ્યાં છે..મને કહે તમે ઝડપથી વાંચી મને કશુંક લખી આપો..મેં નમ્રતાથી કહ્યું.."મને એકાદ મનગમતું કાવ્ય વાંચવામાં અને વાગોળવામાં મહિનાઓ થાય છે..!" એ ઝડપથી નિરાશ પણ થઈ ગયા !

ચીવટ કે ધીરજ આજે વેદિયાપણામાં ખપી જાય છે..પાણીના પરપોટા જેવો પુરૂષાર્થ ઘડીકમાં સપાટી ઉપર સળવળી એટલી જ ઝડપથી શાંત પડી જાય છે..માણસને ડગલું ભરવામાં રસ નથી..સીધા ટેઇક-ઓફ થવાની તાલાવેલી છે..રાતોરાત ધંધો જમાવવો છે..એ જ રીતે ભણી લેવું છે..જલ્દી નામના મેળવી લેવી છે..બસ બધું ફટાફટ કરવું છે..પણ કુદરતની વ્યવસ્થામાં એવું નથી..વૃક્ષો જલ્દી જલ્દી ઉગતાં નથી..વરસાદ રાતોરાત પડતો નથી..નદીઓ એકાએક વહેવા માંડતી નથી..એનો આ શાશ્વત ભાવ એટલે જ આપણને ગમે છે..ઉતાવળે દોડતો માણસ રઘવાટ સિવાય કશું જ પામી શકતો નથી..કવિ નિરાંતના નિતર્યા નીર જેવી ફિલસૂફી સરળ શબ્દોમાં રજૂ કરે છે..છેલ્લા રહેવામાં ધીરજની સાથે એક શાણપણ પણ રહેલું હોય છે.

# 'ભાગ્યનગર'નું નામ ચૂંટણીલક્ષી

**તંત્રીસ્થાનેથી...**

દેશ આખામાં ભારતીય જનતા પાર્ટીનો ઝંડો લહેરાવવાના લક્ષ્ય સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હવે મહારાષ્ટ્ર વિજય પછી તેલંગાણા પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. પ્રાદેશિક અસ્મિતાના મુદ્દે આંધ્રપ્રદેશમાંથી જુદા પડેલા તેલંગાણાની રાજધાની હૈદાબાદ ખાતે પાર્ટીના અધિવેશને સંબોધવા ગયેલા વડાપ્રધાનને એરપોર્ટ પર આવકારવાં તેલંગાણાના મુખ્યમંત્રી હાજર ન રહ્યા તે સૂચક છે. સામાન્ય શિરસ્તા મુજબ વડાપ્રધાન પોતાના રાજયમાં પધારતા હોય ત્યારે મુખ્યમંત્રી એમને સત્કારવા ઉપસ્થિત રહેતા હોય છે. મોદી પહેલાં થોડાક જ કલાક અગાઉ રાષ્ટ્રપતિ પદના સંયુકત વિપક્ષી ઉમેદવાર યશવંત સિન્હાને આવકારવા માટે મુખ્યમંત્રી ચંદ્રશેખર - 'કેસીઆર' આખા મંત્રીમંડળ સાથે પહોંચી ગયા હતા. દેખીતું છે કે ચંદ્રશેખર જેવા પ્રાદેશિક નેતાને પોતાનું રજવાડું પડાવી લેવા માગતા વડાપ્રધાન કરતાં વડાપ્રધાનની પસંદગીના અર્ધદગ્ધ ઉમેદવારને રાષ્ટ્ર પતિપદની ચૂંટણીમાં, સામે ભીંત પર લખેલા અક્ષરો જેટલી સ્પષ્ટ હાર દેખાતી હોવા છતાં પડકારવા જૈફ વયે મેદાનમાં ઉતરેલા વિદગ્ધ રાજપુરુષને આવકારવામાં ગૌરવ વરતાય. કેસીઆર કોઈ સાધારણ નેતા નથી. એ આંદોલનનું નેતૃત્વ કરીને પ્રસ્થાપિત થયેલા જનનાયક છે. એટલે એમ જમણેરી વિચારધારા વાળી પાર્ટી સાથે વૈચારિત સ્તરે કે સત્તાલક્ષી સમાધાનની રૂએ પણ સહમત થવાનું પસંદ ન જ કરે. હૈદાબાદ હૈદરઅલીના નામ પર વસેલું મહાનગર છે કે પછી નર્તકી હૈદર મહલના નામ પરથી શહેરનું નામ પડ્યું છે તે ચર્ચાનો વિષય છે. ટેકનોલોજી સંદર્ભે એ દેશ અને દુનિયામાં ઊંચી નામના ધરાવે છે. એક દંતકથા અનુસાર શહેર વસાવનાર મુહમ્મદ કુલી કુતુબ શાહે ભાગમતી નામની નર્તકીના નામ પરથી શહેરનું નામ 'ભાગ્યનગર' રાખેલું. પછી એ નર્તકીએ ઈસ્લામ અંગીકાર કરીને હૈદર મહલ નામ ધારણ કરતાં શહેરનું નામ હૈદરાબાદ થઈ ગયું. ભગવી પાર્ટી માટે કોઈ પણ ઈસ્લામિક નામકરણ અળખામણું બની રહ્યું છે. હિંદુત્વના એજંડાને ધાર કાઢવા માટે અલ્હાબાદનું નામ બદલીને મુળ નામ હતું તે પ્રયાગરાજ કરાયું અને મુગલસરાઈનું નામ ભૂંસી એને દીનદયાલ ઉપાધ્યાય નામે ઓળખાવવાનું શરૂ થયું તેમ હૈદરાબાદને ભાગ્યલક્ષ્મી દેવીના નામ પર 'ભાગ્યનગર' તરીકે નવા નામે ઓળખાવતો ઠરાવ ભાજપની રાષ્ટ્રીય કાર્યકારિણીમાં ગૃહમંત્રી અમિત શાહે જ રજૂ કરીને આ નિઝામનગરી સાથે જબરો કાંકરીચાળો કર્યો છે. મોદીએ સરદાર પટેલને સંભારીને હૈદરાબાદના ભારત સાથેના જોડાણની ઈતિહાસકથા વાગોળીને એને આઝાદીના જંગ સાથે સાંકળ્યું. વાત સો ટકા સાચી છે કે નિઝામ ભારત સાથે જોડાવું કે પાકિસ્તાન સાથે જવું - એ મુદ્દે અવઢવ અનુભવી રહ્યા હતા ત્યારે સરદાર પટેલે બાજી સંભાળી લીધી હતી. એમણે કનૈયાલાલ મુનશી અને વીપી મેનનને નિઝામને શામ-દામ-દંડ-ભેદ દ્વારા ભારત સાથે જોડાવા સહમત કરવાની જવાબદારી સોંપી હતી. આ ભૂતકાળ ભાજપ માટે કમળ ખીલવવા ભૂમિકા બની રહ્યો છે. ત્યારે કેસીઆર માટે એમની પ્રાદેશિક અસ્મિતા અને સત્તા ટકાવવાનો પડકાર ઊભો થયો છે. આવતા વર્ષે તેલંગાણાની વિધાનસભાની ચૂંટણીમાં 'ડબલ એન્જિન' સરકારના શ્રીગણેશ કરવા મોદીએ અપીલ કરી છે. આ 'ડબલ એન્જિન' ફોર્મ્યુલા ભાજપને ઉત્તરપ્રદેશ સહિત અન્ય રાજયોમાં ફળી છે. કેન્દ્રમાં ભાજપ અને રાજયમાં પણ ભાજપની સત્તા હોય ત્યારે વિકાસકાર્યોમાં ગતિ અણધારી જ વધી જાય છે. યોજનાઓને ફટાફટ મંજૂરી મળી જાય છે. લખલૂટ બજેટ ફાળવાય છે. આ પ્રલોભન કોઈ પણ રાજયની પ્રજાના ગળે સહેલાઈથી ઊતરી પણ જાય છે. પૂર્વોત્તર રાજયો કે જયાં હિંદુત્વનો નારો મર્યાદિત પ્રભાવ ધરાવે છે ત્યાં પણ ભાજપની સરકારો રચાઈ એની પાછળ આ 'ડબલ એન્જિન' વાળી સરકારની થિયરી જ કારગત નીવડી હતી. મહારાષ્ટ્રમાં શિવસેનામાં ઊભાં ફાડિયાં કરાવવામાં ભાજપને ધારી સફળતા સાંપડી છે અને હવે મુંબઈ જેવા દેશના આર્થિક પાટનગરમાં પણ આ ડબલ એન્જિન સરકાર શરૂ થઈ છે. બળવાખોર એકનાથ શિંદેને પચાસ કરતાં પણ ઓછા ધારાસભ્યોનું સમર્થન હોવા છતાં તેઓ મુંખ્યમંત્રી બની શક્યા અને મોટા પક્ષના નેતાને ડપ્યુટી પદથી સંતોષ માનવો પડ્યો એ હાઈકમાંડના પ્રભાવનું ઝળહળતું પ્રમાણ છે. ભલે પૂર્વ મુખ્યમંત્રી ફડણવીસને અપમાનજનક સ્થિતિમાં મુકાઈ જઈ નાયબ મુખ્યમંત્રી પદ સ્વીકારવું પડ્યું હોય : ભાજપની સર્વોચ્ચ નેતાગીરી આવા પ્રદેશ કક્ષાના નેતાઓને એમની હેસિયતનું ભાન કરાવતાં અચકાતી નથી!

# અચરજના દીવડા જયારે આપણી અંદર પ્રગટે ત્યારે આપણી આસપાસ પણ અજવાળા રેલાય છે



**અજવાળું - અજવાળું**
**તુષાર જોશી**

'ડેડી, જુઓ તો ખરા, એ અમારા બેઉની વાતો જાણે આદર્શ શ્રોતા હોય એમ કેવી ધ્યાનથી સાંભળે છે.'

દીકરીએ પરિવારની ભાણેજ અનન્યા માટે કહ્યું, અનન્યાની ઉંમર થઈ સાડા નવ મહિનાની એક દિવસ બધા એને કેન્દ્રમાં રાખીને એની સાથે ધમાલ - મસ્તી કરતા હતા એમાં દીકરી સ્તુતિ અને અનન્યાની મમ્મી બંને અનાયાસ કોઈ વાત ધીમે ધીમે કરતા હતા.હવે એ દિશામાં બાળકી અનન્યાનું ધ્યાન ગયું. આજુબાજુમાં થતી તમામ બાબતો પરથી એનું ધ્યાન સહજપણે હટી ગયું અને પછી એ મમ્મીને માસીની વાતોની જાણે ભાવુક શ્રોતા બની ગઈ. એકાગ્રતાથી, મોટી મોટી આંખો એમના તરફ માંડીને એક ચિત્તે એ જાણે વાતો સાંભળતી હતી. વાતો કરનાર બંનેનું ધ્યાન પડ્યું તો એમણે આ નોટીસ ખર્યું. ફરી બે-ત્રણ વાર એવી ઘટના દોહરાવી તો ફરી અનન્યામાં રહેલ શ્રોતા એ જ ભાવથી સાંભળે... પેલા બંને ખુબ હસ્યા ને અનનયા પણ હસી પડી... ફરી પાછી એની રમતમાં પરોવાઈ ગઈ.

સમય જતા ફરી આવું જ બન્યું ને વીડિયોમાં એ ઘટના સ્મરણરુપે પણ સચવાઈ ત્યારે લેખના આરંભે થયેલો સંવાદ સહજરુપે થયો....

આ ઘટના જયાં જયાં હજી બોલી ના શકતું બાળક હશે ત્યાં ત્યાં બનતી જ હશે. આપણે ત્યાં સદીઓથી એમ કહેવાય છે કે બાળકો એ ભગવાનનું સાક્ષાત સ્વરુપ છે, એમાં પણ જયાં સુધી એ બોલતા ન થાય, પરિવારના સભ્યોને નામ સાથે ઓળખતાના થાય ત્યાં સુધીના સમયમાં તો જાણે એમનામાં પરમ તત્ત્વ જ વિલસી રહ્યું દેખાય છે.

બાળક કયારેય ગરીબ પણ નથી હોતું ને બાળક અમીર પણ નનથી હોતું. એનો ઉછેર એની સમજણ, જેમ જેમ વિકસે તેમ તેમ બધી બાબતો ખુલતી જાય છે. ત્યાં સુધી તો બાળક માત્ર બાળક હોય છે. જેનામાં ભગવાન શ્વસે છે.

બાળકની ભોળી ભોળી અને અમીર દૃષ્ટિ માંડતી આંખોમાં પળપળ અચરજનું ઐશ્વર્ય સમાયેલું હોય છે. એની આંખોમાં જાણે સચરાસર વિલસતું આપણને દેખાય છે. બાળખની આંખોમાં - રંગો આકર્ષે, ગતિ કરતો કોઈ પણ સબજેક્ટ આકર્ષે, સમથળ જગ્યામાં કશુંક ઉબડ ખાબડ હોય તે આકર્ષે - એ શ્રવણેન્દ્રીયના વિકાસ સાથે પંખીઓનો કલરવ ને કુકરની સીટીના અવાજને પારખે, પરિચિતોના અવાજને પારખે, સ્પર્શ થકી એ કોણ પોતાને તેડી રહ્યું છે, કોણ જાણીતું છે ને કોણ અજાણ્યું છે તેને પામે છે અને એના આધારે સલામતી કે અસલામતી પણ અનુભવે છે.

દરવાજામાંથી બહાર જવાય, કારમા બેસીએ તો બહારની દુનિયા દેખાય, આકાશમાં કશું'ક ઊડતું કે પ્રકાશમાન દેખાય એવી સમજણ જેમ જેમ વિકસતી જાય એમ એમ એની ભોળી ભોળી આંખોમાં સમાયેલું અચરજનું ઐશ્વર્ય વિસ્તરતું જાય છે.

આપણા પરિવારમાં કે પડોસમાં એક દોઢ વર્ષ વર્ષનું બાળક હોય, એની સાથે આપણે રમતાં હોઈએ ત્યારે કોઈ પણ ઉંમરે આપણને જાણે આપણું બાળપણ પાછું મળતું હોય એવું અનુભવાય છે. એક બાળક આખા ઘરને રમણ ભમણ કરી નાખે છે. પણ આખરે એ બાળક જ ઘરના તમામ સભ્યોની લાગણીના કેન્દ્રમાં હોય છે. કયારેક એને દૂધ પાવાવાના સમયમાં, એને આપવાના ખોરાકના પ્રમાણમાં વિચાર ભેદ જરૂર થાય પરંતુ આખરે બધાના હૈયે એ બાળકનું હિત જ રહેલું હોય છે. બાળકને કેમ તેડવું ને કેમ રમાડવું એની કોઈ સ્કૂલ ના હોય ને છતાં કેટલાક વણલખ્યા નિયમ હોય છે જે ઘર ઘરમાં અનુસરવામાં આવે છે અને બાળક રાજી રહે આ માટે કોશિશ કરીને પોતે પણ રાજી રહે છે.

બાળક હજી શબ્દ શીખે નહીં ત્યાં સુધી એના જાતજાતના અવાજમાંથી આપણે એ આમ બોલ છે ને તેમ બોલે છે એવી ધારણા કરીને રાજી થઈને છીએ. અને આ રાજીપો જ આપણને જાણે જીવનમાં પ્રેમને પ્રસન્નતા આપે છે. સખત દોડધામ ભરી જિંદગીમા ભલે દોડીએ પણ બાળકની આંખમાં જે અચરજ સમાયેલું છે એનું આકંઠ રસપાન કરીએ; એ અચરજના દીવડા જયારે આપણી અંદર પણ પ્રગટે ત્યારે આપણી આસપાસ પણ સરળતાના અજવાળા રેલાય છે.

### દિન મહિમા

●૧૯૪૫ : બીબીસીએ તેનું પહેલું ટેલિવિઝન ન્યૂઝ બુલેટિન પ્રસારિત કર્યુ

### આજનું ઔષધ

●મચ્છરો કે કીડી મકોડાના ડંખ ઉપર લીંબુનો રસ ચોપડવાથી પીડા મટે છે

### ખડખડાટ

●પત્ની કેવી હોવી જોઈએ ? આ વિષય પર અમારા હેડ માસ્ટર ૨ કલાક લેક્ચર આપ્યું અને મેં એ બધું જ રેકોર્ડ કરીને એમની પત્નીને મોકલી દીધું. કાલે લગભગ અમારી સ્કૂલમાં રજા રહેશે.

### આજનું વોટ્સએપ

● વિશ્વાસ સમુદ્ર જેવો હોય છે, એની ઊંડાઈ તમારા વિચાર અને ઈમાનદારી પર નિર્ભર છે.

# કોરું સત્ય અને શુદ્ધ ઘી હવે આપણાં મન અને શરીરને માફક આવતાં નથી

આપણે હંમેશ એ માન્યુ હતું,
કે બદલવું શક્ય રાતો રાતઃ
ને જરા ઓઢી લીધો ચહેરો જુદો
ને પુરાણી લાગણી કોરે મૂકી,
વસવસો જેનો હતો એ સૌ વિસારી લ્યો,
નવા પાને નવેસરથી ઘૂંટ્યો આ એકડો,
પણ રહે એવું હજું, કોઈ છલના તણું જ્યાં ના ગજું..
ધારો,
તમે આંખો સાવ કાળા ચશ્મા વડે,
ને જરા જુદો ચડાવ્યો વેશ,
ચાલ પણ એવી દીધી બદલી કે કળે ન કોઈ,
ને છતાંયે કોઈ તો એવું
છેતરાતું ના કદી આચ્છાદનોથી,
કે નવા લહેકાથી માંડો વાત,તો ના ભોળવાતું
જો અજાણ્યા હોય તો,
અળગા ખસેડી ચાલીએ
જે પરંતુ ના બદલાતા કોઈ દી
કોઈ છુપાઈ શક્યું છે આ બધાથી, કહો કદી?

-એલિઝાબેથ જેનિંગ્સ

'સાંચ ને આંચ નહીં' ,'સત્યમેવ જયતે' આવા સૂત્રો સ્કૂલની દિવાલો પર લખેલા જોવા મળે છે, સરકારી કચેરીઓની દિવાલો પર રક્ત-પ્રવાહીનાં(પાનની પિચકારી) છાંટણાંની જેમ જ ફેકાયેલાં જોવા મળે છે. ઈમાનદારી, ઉદારતા, સચ્ચાઈ, કર્તવ્યપરાયણતા, અનુશાસન, ભલમનસાઈ...આ બધું બોગસ છે. શાળામાં બાળકને નિબંધ લખાવતી વખતે આવા શબ્દો મહામહેનતે યાદ કરીને, લખાણને અલંકૃત કરવા માટે લખાવવા પડે છે, માટે લખાવીએ છીએ. નિખાલસતા સભર ચહેરાને ઉતરડી નાખનારો સમાજ અને તેની સ્વાર્થી રીત-રસમો નક્કી કરનારા લંપટો ઉપર જણાવેલા મૂલ્યયુક્ત વ્યવહાર પ્રમાણે ચાલનારને ધક્કે ચડાવે છે.૧૦૦ ટકા શુદ્ધ હવે પચતું નથી. એ પછી તેલ-ઘી હોય કે ઈમાનદારી-સચ્ચાઈ હોય. બધું ભેળસેળયુક્ત હોય તો જ પચે છે. કોરું સત્ય અને શુદ્ધ ઘી હવે આપણાં મન અને શરીરને માફક આવતાં નથી.

નાના હતાં ત્યારે પ્રામાણિકતાની જે વ્યાખ્યા ભણ્યા હતા,સમજ્યાં હતા, તે ઉંમરના મધ્યાંતરે બદલાતી લાગે છે. લાગે છે શું...બદલાઈ જ ગઈ છે. સમય બદલાયો છે, એમ બૂમો મારીએ છીએ પરંતુ 'સમય નથી પસાર થતો આપણે પસાર થઈ જઈએ છીએ. તે અમિટ સત્ય આપણે ભૂલી જઈએ છીએ. છાશવારે એવું કહેતા રહીએ છીએ કે સમાજ બદલાઈ ગયો છે, પરંતુ સમાજ આપણા થકી જ બનતો હોય છે, તે પાછું વિસ્મરી જઈએ છીએ.

બાળપણમાં આપણને પપ્પાએ પરીક્ષામાં ખંતથી જેટલું આવડે એટલું મન દઈને લખવાની સલાહ આપી હોય છે, તે પછી આપણે જ્યારે અત્યારે પિતાની ભૂમિકામાં આવીએ ત્યારે આપણા સંતાનને કહીએ છીએ કે "બેટા યેનકેન પ્રકારેણ મેરીટમાં આવવાનું છે". વાક્યરચનાઓ બદલાય છે, અને કહેવાનો છૂપો ભાવાર્થ શું થાય તે આપણે સહુ જાણીએ છીએ. આ બધુ સ્વાભાવિક થઈ ગયું છે. કોઈને છેતરી લીધા પછી જો સાંગોપાંગ આબાદ છટકી જઈએ તો તે કુશળતામાં ખપે છે. કેમેરાની નજરે ચડ્યા વિના, વગર હેલ્મેટે ઘરે આવી જવું એ હોંશિયારી છે. રખેને એવું સમજતા કે જે પરીક્ષામાં ચોરી નથી કરતો કે જે ખટપટ નથી આચરતો તે પ્રામાણિક જ છે. એવું જરાય નથી. એ તો ભાઈસાહેબને મોકો નથી મળતો અથવા તો હિંમત નથી થતી..તેના મનમાં કીડાં તો ઘણા સળવળતા હશે પણ થઈ નહીં શકતુ હોય. ન છૂટકે પ્રામાણિકતા આચરનારા દંભીઓ પણ કંઈ ઓછા નથી પડ્યા આ દુનિયામાં...



**વિચારયાત્રા**
**ડો. જય ઓઝા**

'વૈષ્ણવજન તો તેને રે કહીએ, પરસ્ત્રી જેને માત રે..''વાળી દુનિયા આપણે બદલી નાખી છે. આજે દિકરા કે દિકરીના કેટલાં બોયફ્રેન્ડ કે ગર્લફ્રેન્ડ છે,તેના આધારે તો તેનુ સ્ટેટસ નક્કી થતું હોય છે. દુનિયા કે સમાજ બદલાયો નથી આપણે બદલાઈ ગયાં છીએ. અહીં શ્રદ્ધાના નામે મૂર્ખતા, વિવેકના નામે કાયરતા અને સફળતાના નામે નીચતા દરેક વ્યક્તિના મોઢા ઉપર ફેવીક્વિકથી લાગેલી છે. એક લાશ બીજી લાશને આ ઘરેડમાં ઢાળવાનું કામ ખૂબીપૂર્વક કરી જાણે છે. આપણે બધાં શાણા દેખાઈએ છીએ પણ ઊંડે-ઊંડે આપણે બધાં 'એબનોર્મલ' છીએ.

હવે ઈમાનદારી ભ્રષ્ટતામાં ખપે છે, પૌરુષપણું નપુંસકતામાં ખપાવાય છે. ઉદારતા વેવલાવેડામાં મર્જ કરી દેવાઈ છે. સાચો પ્રેમ જૂઠ્ઠાણું ગણાવાય છે. બીજાના અહિત વગર આપણું હિત થવાનું જ નથી,એ સિદ્ધાંતને જ માન્ય રાખીને જૂઠના વરખવાળું સત્ય,અનીતિની ચાસણીવાળી નૈતિકતા, દંભથી લપેટાયેલું મુક્ત હાસ્ય, લાલચથી ભરેલી સહાયતા, ક્રૂર આશયના મહોરાવળી કરુણા આ બધાને જીવનનો જરુરી એવો અસબાબ આપણે માની બેઠા છીએ અને સ્વાર્થ વગરની કરુણા, નૈતિકતા, હાસ્ય એ મૂર્ખનો શણગાર છે, તેવું આપણે માની લીધું છે.

આપણે એટલાં બધાં મહોરાંઓની અદલાબદલી કરી છે કે, સ્વપરિચય,આત્માનું ભાન જેવું કશું રહ્યું જ નથી અને માટે જ આરંભે એલિઝાબેથ જેનિંગ્ઝની કવિતા મૂકી છે, કે કદાચ વળી આ કવિતાના શબ્દો આપણને ઢંઢોળે...

# ભાષા વ્યક્તિ અને સમાજની અભિવ્યક્તિનું મજબૂત પાસુ છે

માનવ જાતના વિકાસના મૂળમાં બે મહત્વના અંગો છે. એક તો ચક્ર અને બીજુ ભાષા. ચક્રના પદાર્પણથી જગત અને સમસ્ત બ્રહ્માંડના અનેક માર્ગો આસાન બની ગયા. સાથો સાથ ગાણિતીક અને વૈજ્ઞાનિક વિવિધ નવતર બાબતો માનવ જીવન માટે સહજ બની શકી. આ ઉપરાંત બીજુ અંગ ભાષા છે. એણે માનવ સમાજને સાથે લાવવામાં પાયાની ભૂમિકા ભજવી. કોમ્યુનિકેશન વધુ સાર્થક બનાવવામાં ભાષાએ મહત્વનો રોલ પ્લે કર્યો છે. સાંકેતિક પરિભાષાને શબ્દનું સ્વરૂપ આપવાની બાબત માનવ સમાજની સૌથી મોટી ઉપલબ્ધી ગણી શકાય. ભાષા વગરનો માનવ સમાજ ક્યારેય વિચારી કે કલ્પી પણ શકાતો નથી.

સમાજ રચનાનો આધાર ભાષા છે. એક સર્વમાન્ય સામાન્ય સમજ એ છે કે, જે સમાજમાં જન્મ થાય તે સમાજની ભાષા ઉપયોગમાં લેવાય. ગુજરાતી પરિવારમાં અવતરેલુ બાળક ગુજરાતી ભાષા સમજે, વાંચે, લખે અને બોલે. એમ મરાઠી પરિવારનું બાળક મરાઠી, જાપાનમાં જન્મેલું બાળક જાપાનીઝ, ફ્રાન્સમાં ફ્રેન્ચ અને ચાઈનામાં ચીની ભાષા સમજે, વાંચે, બોલે અને લખે. ભાષા દ્વારા પરસ્પર સંબંધો બંધાય છે અને સંબંધોની ઉષ્મા વધે છે. તંદુરસ્ત માનવ સમાજના નિર્માણ માટે તથા સમાજના ઉર્ધ્વગામી વિકાસ માટે ભાષા પ્રાણતત્વ છે. ભાષા વિજ્ઞાનમાંથી અવતરીત થયેલી ભાષાની સમજને વિવિધ સ્વરૂપે વ્યાખ્યાયીત કરવામાં આવી છે. શંકરાચાર્યજી, નાગાર્જુનજી, દંડી, ભતૃહરિ વગેરે જેવા તજજ્ઞ ભાષાશાસ્ત્રીઓએ ભાષાના વિવિધ પાસાને ઉજાગર કરવાનું મહત્વનું કાર્ય કર્યુ છે. પશ્ચિમના દેશોના ભાષાવિદો કેરલ, હોલ, સપિર, ગ્રે અને સ્ટર્ટિવન્ટ દ્વારા ભાષાના તત્વોને વ્યાખ્યાયીત કર્યા છે. ગુજરાતી ભાષા માટે કાંતિલાલ વ્યાસ, હરિવલ્લભ ભાયાણી, પ્રબોધભાઈ પંડિત, જયંતભાઈ કોઠારી વગેરે ભાષા વિજ્ઞાનીઓએ સમજ આપવાનું અનુપમ કાર્ય કર્યુ છે.

આમ તો ભાષા માટે અનેક વ્યાખ્યાઓ ઉપલબ્ધ છે પરંતુ સાદી સમજ માટે સ્ટર્ટિવન્ટે આપેલી વ્યાખ્યાનો ઉલ્લેખ પ્રસ્તુત બની રહેશે. સ્ટર્ટિવન્ટના મતે ભાષા કે યાદશક્તિ વાચિક સંકેતોની બનેલી એક એવી વ્યવસ્થા છે કે જેના વડે એક સામાજિક જૂથના સભ્યો પરસ્પર સહકાર સાધે છે અને સંપર્કમાં આવે છે. સ્ટર્ટિવન્ટના આ વિધાન ઉપરથી ફલિત થાય છે કે, ભાષા ઈચ્છા મુજબનો અર્થ ધરાવે છે. વળી ભાષા વાણીરૂપે અભિવ્યક્ત થાય છે. તે સંકેતો આધારિત છે અને લખી પણ શકાય છે. ભાષા એક ચોક્કસ પ્રકારની વ્યવસ્થા છે. ભાષા સામાજિક જૂથ માટે છે અને એકબીજાના સંપર્કનો સ્ત્રોત છે ભાષામાં સહકારનું તત્વ છે. હવે પ્રશ્ન એ થાય કે ભાષાના પ્રમુખ કાર્યો કયા છે ? તો સૌથી પહેલા તો ભાષા વ્યક્તિને અભિવ્યક્ત થવા માટેનું પ્રબળ માધ્યમ ગણી શકાય. અમૂર્ત વિચારો વ્યક્ત કરવા માટે ભાષા ઉપયોગી છે. ગઝલકારને એક વિચાર આવે અને શબ્દો બની કાગળ ઉપર એક મઝાની ગઝલ બની અવતરે. આ ઉપરાંત વ્યક્તિના હૃદયમાં ઉદભવતા ભાવને ભાષા અભિવ્યક્ત કરવાનું કામ કરે છે. જ્ઞાન પ્રાપ્ત કરવાનું અને જ્ઞાન વહેંચવાનું ઉમદા કાર્ય ભાષા કરે છે. સાહિત્ય સર્જન, સંદેશ વ્યવહાર અને શિક્ષણનું માધ્યમ ભાષા જ તો છે. વ્યક્તિના સામાન્ય વ્યવહારોના પાયામાં પણ ભાષા છે.




ગરવા ગુજરાતની ગુજરાતી ભાષાની વાત કરીએ ત્યારે ઉમાશંકર જોષીના શબ્દો બિલકુલ હદયમાં ઉતરી જાય એવા છે. એમણે કહ્યું છે કે, સદા સૌમ્ય શી વૈભવે ઊભરાતી, મળી માતૃભાષા મને ગુજરાતી. ગુજરાતી ભાષા એના ચાર ભૌગોલિક પ્રદેશોના આધારે વહેંચાયેલી છે. સુરત, નવસારી, ભરૂચ, નર્મદા અને મહારાષ્ટ્ર તથા મધ્યપ્રદેશની સરહદોને મળતા પ્રદેશમાં સુરતી ભાષા પ્રચલીત છે. કચ્છના રણથી માંડીને પાકિસ્તાન અને રાજસ્થાનની સરહદને અડીને આવેલા પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા વગેરે વિસ્તારમાં પટ્ટણી ભાષા ચલણમાં છે. મહિ નદિના કાંઠા વિસ્તારના ચરોતર, ગાંધીનગર, અમદાવાદ, વડોદરા, ખેડા, આણંદ નડિયાદ વગેરે વિસ્તારમાં ચરોતરી ચાલે છે. જ્યારે રાજકોટ, ભાવનગર, જામનગર, જૂનાગઢ, અમરેલી, પોરબંદર, સુરેન્દ્રનગરમાં કાઠીયાવાડી સૌરાષ્ટ્રી બોલીનો દબદબો છે.

ગુજરાતી ભાષાનું મૂળ ભારતીય આર્ય છે. આર્યન ભાષાને ઊંડાણથી તપાસીએ તો ભારત અને ઈરાની ભાષા કૂળ જણાય. આ ભાષાકૂળ પછી સંસ્કૃત ભાષાનો જન્મ થયો. સંસ્કૃત ભાષામાંથી પ્રાકૃત આવી. પ્રાકૃત ઉપરથી અપભ્રંશ-જૂની ગુજરાતી બની અને ત્યારબાદ ગુજરાતી ભાષાનું આજનું સ્વરૂપ છે. ગુજરાતી ભાષાનું નામ 'ગુજરાતી' કેવી રીતે પડ્યું હશે એવા પ્રશ્ન સહજ રીતે માનસપટ ઉપર ઉદભવે. સાદી સમજ એ છે કે, કોઈપણ ભાષાનું નામ ભાષાના જન્મ સાથે તરત નથી પડતું. ભાષા સમાજમાં સ્થિર થાય પછી જ ભાષા સર્જકો અને બોલનારા દ્વારા ભૌગોલિક વિસ્તાર અને લક્ષણોના આધારે ભાષાનું નામ નક્કી થાય છે. આખ્યાનકાર પ્રેમાનંદે 'ગુજરાતી ભાષા' શબ્દ પ્રયોગ પહેલીવાર કર્યો હોવાનું પ્રમાણ મળે છે. જો કે એ પહેલા કવિ ભાલણ ગુર્જરભાષા શબ્દપ્રયોગ કરતા. ગુર્જર પ્રદેશ એટલે સૌરાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના વિસ્તારોમાં બોલાતી ભાષા.



**આત્મનાદ**
**પુલક ત્રિવેદી**
pulak63@gmail.com

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યનો સમય ગાળો ઈ.સ. ૧૦૦૦/૧૧૦૦થી ૧૮૦૦ સુધીનો ગણાય છે. આ સમયમાં જૈન સાહિત્ય લખાતુ. સામાન્ય રીતે જૈન સાહિત્ય પ્રાકૃત અને અપભ્રંશ ભાષામાં જ લખાયું છે. અત્યારે જે ગુજરાતી ભાષા વંચાય, બોલાય, લખાય અને સમજાય છે તેના મૂળમાં આ પ્રાકૃત ભાષા જ છે. વજસેન, શાલીભદ્ર, ધર્મસ્વામી, વિજયસેન, હેમચંદ્રાચાર્ય, મહારાજા ભોજની સાહિત્ય કૃતિઓ ઈ.સ. ૧૧૬૯ થી ૧૦૧૪ વચ્ચે પ્રાકૃત ભાષામાં લખાઈ છે. ગુજરાતી ભાષાના નામ માટે ભાલણે ગુર્જર ભાષા કહી તો પ્રેમાનંદે ગુજરાતી ભાષા કહી. તેરસીતોરીએ પ્રાચીન પશ્ચિમ રાજસ્થાન, નરસિંહરાવે અંતિ અપભ્રંશ, કે. હ. ધ્રુવે અપભ્રંશ/પ્રાચીન ગુજરાતી, કે. કા. શાસ્ત્રીએ ગૂર્જર ભાષા / જૂની ગુજરાતી, ઉમાશંકર જોષીએ મારુ ગુજરાત, ડૉ. હરિવલ્લભ ભાયાણીએ ગુજરાતી ભાષા કીધી છે. યુનેસ્કો અનુંસાર જગતભરમાં ૭૧૩૯ જેટલી ભાષાઓ છે અને એમાં સતત વધારો થતો જાય છે. જે પૈકી ૨૩૦૦ ભાષા એશીયન દેશોમાં બોલાય છે. ૧૧૦ જેટલી ભાષાઓ મૃતપાય છે. લેટીન, એન્શિન્ટ ઈજીપ્શયન, ગાલિકન-પોર્ટુગીઝ, સન્સકૃત, બેર્બર, અન્ડાલુસીયન-એરેબિક, ઓસાજ, એન્ગલો-નોર્મન, ક્રેઓલ-પોર્ટુગીઝ, બેબ્લિકલ, કોર્નિસ, બ્રેટોન ભાષા લુપ્ત થઈ ગઈ છે.

પ્રત્યેક ભાષાનું એક ભાષાકુળ છે અને તે ઉદ્ભવસ્થાનના આધારે હોય છે. આ ભાષાકુળની કુલ સંખ્યા ૯૪ છે. જેમાં ૧૦ ભાષાકુળ એવા છે જેમાં વિશ્વની ૯૬ ટકા વસ્તી આવી જાય છે. બાકીના ૮૪ ભાષાકુળમાં વિશ્વની વસ્તીના ચાર ટકા લોકો આવે છે. ભારતમાં કુલ ૪૨૭ ભાષા-બોલીઓ છે. ભારતના રાજ્યોનું નિર્માણ મહદંશે ભાષા આધારિત છે. ૨૨ ભાષાઓ બંધારણીય રીતે માન્ય છે. ભારતદર્શન ''વસુધૈવ કુટુમ્બકમ'' છે. આવા જીવનદર્શનથી સિંચાયેલી દરેક ભાષાને તેની આગવી સંસ્કૃતિ છે. સંસ્કૃતિની શોભાથી જ માનવજીવન રચાય છે બલ્કે કસાય છે. વિશ્વની સૌથી વધારે માતૃભાષા ધરાવતી ૩૦ ભાષાઓમાં ગુજરાતી ભાષા ૨૩માં સ્થાને છે. વિશ્વમાં વધુ બોલાતી પ્રથમ દસ ભાષાઓમાં ઈંગલિશ, સ્પેનિશ, એરેબિક, મન્ડેરિયન, રશિયન, પોર્ટુગીઝ, જર્મન, જેપનીઝ અને હિન્દીનો સમાવેશ થાય છે.

મૂળ વાત એટલી છે કે, ભાષા વ્યક્તિ અને સમાજની અભિવ્યક્તિનું મજબૂત પાસુ છે. ભાષા બે વ્યક્તિઓના હૃદય, મન અને આત્માને જોડીને નવતર ચેતના જગાવે છે. એક પળ માટે જો વિચારીએ કે, ભાષાનું અસ્તિત્વ જ ન હોય તો જગત કેવુ હોત ? શું આટલી સામુદાયિક સમજણ અને વિકાસ શક્ય હોત ? લોકોની સંતોષ અને આનંદની માગ આટલી હોઈ શકત ? અભિવ્યક્તિનો સંતોષ એ જ પરમઆનંદની સાચી અનુભૂતિ છે. ભાષા લેખન, વાંચન, વાણી અને સમજણનો મુખ્ય સ્ત્રોત છે. ભાષાની ભવ્યતા અને ભાષાની સમજ માનવ સમુદાયના વિકાસનું ચાલક બળ છે. કોઈ પણ ભાષા માત્ર શબ્દો નથી હોતા તેમાં સંસ્કુતિઓ અને લાગણીઓ વસેલી હોય છે.

**ધબકાર :**

'માતાના ધાવણ પછીના ક્રમે માતૃભાષા આવે છે'
- ગુણવંત શાહ